શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૫
અંક : ૨

## અંદાજ પત્ર

બજેટ તરીકે ઓળખાતા સામાન્ય અંદાજ પત્ર પર સામાન્ય રીતે આ માસમાં સતત ચર્ચા ચાલતી હોય છે. આર્થિક મહાસત્તા બનવા તરફ રોકેટ ગતિએ આગળ વધી રહેલા ભારતમાં બજેટ સૌથી મોટી ઘટના છે. જે દેશના દરેક વર્ગ જૂથ વયના નાગરિકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્પર્શે છે. જો કે બજેટ આખરે શું છે? અને શા માટે તે દરેકને સ્પર્શે છે અને સૌથી મહત્વની વાત બજેટમાં વપરાતા ભારેખમ શબ્દોનો શું અર્થ થાય છે? એ મોટાભાગના લોકોને મૂંઝવતી બાબતો છે. બજેટ એ બીજું કશું નહિ પણ તમામ સ્ત્રોત દ્વારા સરકારને થતી આવક અને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ યોજનાઓ પાછળ તેના ખર્ચનું વ્યવસ્થાપન માટેની કવાયત છે. તેમાં મહેસુલ અંદાજપત્ર અને મૂડી અંદાજપત્ર સામેલ હોય છે તથા આગામી નાણાં વર્ષના અંદાજો પણ રજૂ કરવામાં આવે છે.

જે તે નાણાં વર્ષ દરમિયાન સરકારની આવક અને જાવક ( અથવા ખર્ચ ) નું સર્વગ્રાહી નિવેદન એટલે બજેટ અથવા અંદાજપત્ર આપણા દેશનું નાણાં વર્ષ ૧ લી એપ્રિલથી ૩૧ માર્ચ સુધી ગણવામાં આવે છે. મોટેભાગે ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં સંસદમાં નાંણા પ્રધાન જનરલ બજેટ રજૂ કરે છે.

રેવન્યુ અથવા મહેસુલ બજેટમાં ટેકસ તથા અન્ય સ્ત્રોત દ્વારા સરકારને થતી આવક અને તેનો ખર્ચ સામેલ હોય છે.

કેપીટલ બજેટમાં મૂડી પરની આવક અને ચૂકવણીઓ સામેલ હોય છે. વ્યકિતઓ અને સંસ્થાઓ પાસેથી વસુલવામાં આવેલા વેરાનો પ્રત્યક્ષ વેરામાં સમાવેશ થાય છે. નાગરિકો

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**– ટપક ટીમ**

***તકળા એટલે પ્રત્યેક ચીજને, એટલે કે વિચારને, વાણીને, વર્તનને તેના યથા યોગ્ય સ્થાને મૂકવી.***

પાસેથી તેમના પગાર રોકાણ તથા વ્યાજ સહિતની આવકો પર ઈન્કમટેક્સ વસુલવામાં આવે છે. જયારે કંપનીઓ કે અન્ય સંસ્થાઓ તેમની આવક પર જે ટેક્સ ચૂકવે છે. એ કોર્પોરેટ ટેક્સ છે.

**બજેટના પ્રકારો વિવિધ પ્રકારો**

**એક્સપેન્સ બજેટ :**

એક્સપેન્સ બજેટ એટલે બજેટના સમયગાળા દરમિયાન થતા ખર્ચનું સરવૈયું બજેટમાં દસ્તાવેજી રૂપે મુકવામાં આવે છે. બજેટમાં ત્રણ પ્રકારના ખર્ચનો સમાવેશ થાય છે. નિશ્ચિત, વેરિયેબલ અથવા પરિવર્તનશીલ અને વિવેકાધીન ખર્ચ.

**બેલેન્સ બજેટ :**

આ એક સંયુકત પ્રકારનું બજેટ છે અને અંદાજીત મુડી જવાબદારીઓ અને માલિકી ઈકિવટી અથવા ભવિષ્યમાં આપેલ સમયના અંતમાં કુલ સંપતિનું પ્રતિબિંબ કરે છે. ભવિષ્યની તારીખમાં કંપની કે સંસ્થાની આગામી નાણાકીય સ્થિતિની આગાહી પુરી પાડે છે.

**ફલેકસીબલ બજેટ :**

સાનુકુળ અથવા પરિવર્તનશીલ પ્રકારનું બજેટ છે. ઉત્પાદન અને આવક જથ્થાના આધારના પરિણામો પરથી ખર્ચમાં ફેરફાર કરી શકાય છે. એક ખર્ચનું બીજા ખર્ચમાં રૂપાંતરિત કરી શકાય છે.

**કેશ બજેટ :**

જેટલી રોકડ રકમ ઉપલબ્ધ હોય તેને જ આ બજેટમાં સામેલ કરવામા આવે છે. જો કોઈ રકમ આગામી સમયમાં મળવાની હોય અથવા મળી શકવાની સંભાવના હોય તો તે રકમનો આ પ્રકારના બજેટમાં સમાવેશ કરી શકાય છે. આ બજેટ રોકડ રકમ ઉપરાંત સંભવિત રકમને આધારે તૈયાર કરવામાં આવે છે.

**પ્રોફિટ બજેટ :**

પ્રોફિટ બજેટમાં બંને ખર્ચ અને આવક બજેટ જોડીને એકંદર અને ચોખ્ખો નફો દર્શાવે છે. આ બજેટનો ઉપયોગ અંતિમ સ્ત્રોતોની ફાળ વણી માટે થાય છે. ખર્ચ એકમો સમગ્ર અપેક્ષિત આવક, નિયંત્રણ પ્રવૃતિઓ સંબંધિત પ્રાપ્યતા તપાસવી અને સંસ્થાના શેરો તપાસી નાણાકીય પરફોરમન્સ સ્થિતિ જાણવાની જવાબદારી સોપવી.

**કેપીટલ એકસપેન્ડિચર બજેટ :**

મિલકત, ઈમારતો અને મુખ્ય સાધનોમાં રોકાણને મૂડી ખર્ચ કહેવામાં આવે છે. આ બજેટમાં લાંબા ગાળાના રોકાણ કરવા માટેની યોજના અને નવા પ્લાન્ટ સાધનો હાલની સાધનો મુખ્ય સ્થાપનોની ફેરબદલી માટેના ખર્ચનો સમાવેશ થાય છે. મકાન વગેરે કેપિટલ બજેટિંગ લાંબાગાળાના આયોજનનો એક ભાગ છે. અને કાર્યક્રમ સારી રીતે વ્યાખ્યાયિત કરે છે.

***જો માનવીને સુંદર ઘર બાંધતા આવડે તો તેવા ઘરમાં સુંદર રીતે જીવતા કેમ ન આવડે?***

## ભાર વિનાનુ ભણતર

આજથી ત્રણ દાયકા પહેલાં પહેલાનો વિદ્યાર્થી સુતરાઉ કાપડની કે ખાતરની થેલીની બેગ કે સામાન્ય કોથળી વાળુ દફતર–તેમા દેશી હિસાબ, બે–એક પુસ્તકો, સ્લેટ અને પેન. પ્રાથમિક શાળામાં નોટબુક ભાગ્યે જ વપરાતી. રૂટીન કામ સ્લેટમાં જ થતુ. આજે વિદ્યાર્થીઓ પ્રશ્ન કરે છેઃ સર સ્લેટ એટલે શુ? સ્લેટ એટલે લાકડાની ફ્રેમમાં જડેલો કાળા પથ્થરનો સપાટ ટૂકડો, ત્રણ દાયકા પહેલા સ્કૂલે જતા પહેલા વિદ્યાર્થી પેનને અણી કાઢવા દોડતા. કયારાને કિનારે ગોઠવેલી ઈંટોની કરકરી સપાટી પર સંભાળીને પેનને ઘસતા અને અણીદાર બનાવતા. તે અણી જળવાઈ રહે તે માટે કયારાની ભીની માટીમાં પેનને હળવેથી ફેરવતા. મોતીના દાણા જેવા સુંદર અક્ષર લખવા માટે પેન તૈયાર કરતા. સ્કૂલમાં સ્લેટ–પેન જ સર્વસ્વ. ગુજરાતીના પાઠ હોય, ગણિતના દાખલા, આંક કે વિજ્ઞાનના જવાબ બધુ જ કામ સ્લેટ પર કરો. કામ કરો, શીખી લો. ભીના કપડાથી ભૂસી નાખો. ૩૦ એકા સુધીના ઘડિયા તો મોઢે જ હોય. શિક્ષક પ્રત્યે આદર–પ્રેમ. કુદરતી વાતાવરણમાં પ્રાયોગિક જ્ઞાન. કોઈ કેલ્કયુલેટર કે કમ્પ્યુટર નહી છતાં વ્યવહારૂ કોયડા પલવારમાં ઉકેલાય. આજના નાનકડા ભૂલકાઓને ઈન્ફર્મેશન એજ માં માહિતીના ભાર નીચે દબાયેલા જોઈને વેદના થાય છે. આપણે તેમના બાળપણને કચડી નાખ્યુ છે. પહેલા ધોરણથી ચાર થી સાત વિષયો; ઘડિયા દસ એકાથી આગળ આવડે જ નહી. સાદા સરવાળા માટે પણ પરાવલંબી. દરેક વિષયના બે પુસ્તકો, ગાઈડો, વ્યાયામ વિષયની પણ ગાઈડ અને વ્યાયામના ટયુશનનાં પાંચ હજાર આપતા વાલી આનંદ અનુભવે. કંપાસમાં ચાર–પાંચ પેન. કલાસવર્ક – હોમવર્ક માટેની અલગ નોટબુકસ. આપણે બુકસમાં માહિતીઓ ઠાંસી ને ભરી દીધી, તેમા જ્ઞાન તો તલભારનુ જ! આજનો કોલેજનો વિદ્યાર્થી બેંકમા જતા ગભરાય છે. મીટરને ફુટમાં ફેરવતા કે લાકડાનુ ઘનફુટ શોધતા તેના મોતિયા મરી જાય છે. ઘરની ટાંકીમાં કેટલા લીટર પાણી સમાય છે તે ગણવું તેના માટે લોઢાના ચણા ચાવવા બરાબર છે. માતૃભાષામાં ૧૦૦ માંથી ૧૦ થી નીચે આવે છે. અંગ્રેજી બોલતા આવડતુ નથી. રાષ્ટ્રભાષા હિન્દી તો હવે નાશપ્રાય થઈ છે. ભારેખમ ગણિત પચાવવા દાખલા ગોખતો થયો છે. ગણિત વાંચતો જોવા મળે છે ત્યારે બાળક પર દયા આવે છે. આજના બારમાનો કે ગુજરાતી વિષય સાથે એમએ થયેલા વિદ્યાર્થી રાષ્ટ્રગાનમાં કે બારાખડીમાં પણ લોચા મારે છે. **આજે બાળકને આપણે શુ આપીએ છીએ? ભાર વિનાનુ ભણતર કે જીવનને રગડોળી નાખવાનુ ભણતર.**

***વગર લેવેદેવે કોઈને કાંઈ સૂચન કરવું કે કોઈને સુધારવા મંડી પડવું એ અહંકારની પેદાશ છે.***

## કૌશલ્યવર્ધક તાલીમ

કૌશલ્ય વર્ધક તાલીમોમાં લાભાર્થીઓને હાલના સમયને અનુલક્ષીને રોજગારી મળી રહે તેવા વૈકલ્પિક સ્ત્રોતોની વ્યવસાયલક્ષી તાલીમો આપવામાં આવે છે. તેમજ ધંધાકીય અને નાણાકીય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે.

મિશન મંગલમ અને એસ.જી.એસ.વાય યોજના અંતર્ગત અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આ તાલીમો ચાલી રહી છે. આ કામગીરી અંતર્ગત રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના કોલકી ગામમાં સિવણ કામ, ગોંડલ તાલુકાના નાગડકા અને કંટોલીયા ગામે હસ્તકલા, ટંકારા ખાતે સિવણ, ધોરાજી તાલુકાના સુપેડી અને નાની વાવડી ગામમા આરીભરત કામ જેતપુર તાલુકાના વિરપુર ગામમાં હસ્તકલા પડધરી તાલુકાના મેટોડા ગામમા સિવણ કામના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યાં હતા.

ઉપરાંત આ માસમાં જ સાથી સંસ્થા હરિરાજ દ્વારા નાબાર્ડના સહયોગથી ખાંભા તાલુકાના ખડાધાર ગામમા મહેંદી અને આઈબ્રો તેમજ ધારી તાલુકાના અમૃતપુર ગામમાં ભરતકામની તાલીમના વર્ગો ચાલુ કરવામાં આવ્યાં છે. સ્ત્રીઓ મજુરી સિવાય આવકવૃધ્ધિ માટે આવી તાલીમોથી પોતાની કુનેહથી આર્થિક રીતે પગભર થાય અને પોતાના કુટુંબનું જીવન નિર્વાહ સરળ રીતે ચલાવી શકે આવી કૌશલ્ય વર્ધક તાલીમ દ્વારા બહેનો ઘરબેઠા જ રોજીરોટી મેળવીને પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી શકે. આ તાલીમ વર્ગો દરમિયાન સંસ્થાના ડાયરેકટર તેમજ સંસ્થાના કાર્યકર્તાઓ નિયમિત પણે તાલીમ વર્ગોની મુલાકાત કરી તાલીમાર્થીઓ સાથે બેઠકો અને વાર્તાલાપ કરીને વ્યવસાયલક્ષી તેમજ પ્રોત્સાહિક માર્ગદર્શન, સલાહ અને માહિતીઓ આપે છે.

કૈશલ્ય વર્ધક તાલીમો ઉપરાંત ફેબ્રુઆરી માસમાં ઘણી બધી પ્રવૃતિઓ તથા સમાજકાર્યના ભાગરૂપે યોજાયેલ મીટીંગો તેમજ કાર્યશાળામાં સંસ્થાએ દરમિયાનગીરી કરીને માહિતી તેમજ સૂચનોનું આદાન પ્રદાન કર્યુ હતું.

તા.૧–૨ ફેબ્રુઆરીના રોજ રાજકોટ ખાતે સ્ત્રી



**કજે મનુષ્ય ઘરને તીર્થ ન ગણે તે ગમે તેવા તીર્થમાં જાય તોય હૃદયથી ઠરે નહિ.**

હિંસા વિરોધી અભિયાન પ્રોજેકટ અંતર્ગત કામગીરી રિવ્યું પ્લાનીંગ મીટીંગ અને ન્યાય સમિતીના કાર્યકરો માટેની તાલીમ યોજાઈ હતી. જેમાં સામાજીક કાર્યકર પારૂલ મહિડા અને પ્રતિભા મારૂ ઉપસ્થિત રહયા હતા.

તા. ૯ ફેબ્રુઆરીના રોજ સુક્ષ્મ પિયત પધ્ધતિ અંગેની કાર્યશાળા પટેલ સંસ્થા દ્વારા જાફરાબાદના ટીબી ખાતે યોજવામા આવી હતી. જેમાં રિસોર્સ પર્સન શ્રી રમણભાઈ સંસ્થાના પ્રમુખ શ્રી ધીરૂભાઈ વાગડીયા તથા સંસ્થાના એગ્રીકલ્ચર ઓફિસરો, ઉદ્યોગ સાહસિક અને બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહયા હતા.

તા.૧૨,૧૩ ફેબ્રુઆરી દરમિયાન અમદાવાદ ખાતે "પ્રવાહ" સંસ્થામાં વાર્ષિક સાધારણ સભા અને પાણી પર કાર્યશાળા રાખવામાં આવી હતી. જેમાં સંસ્થાના કાર્યકર પારૂલ મહિડાએ ભાગીદારી નોંધાવી હતી.

તા. ૧૮ ફેબ્રુઆરીના રોજ ગારિયાધારના મોટા ચારોડીયા ગામે એન.એસ.એસ કેમ્પ યોજાયો હતો. તેમાં શ્રી બિપીનભાઈ, શ્રી ધીરૂભાઈ, દયાબેન તથા ધર્મેશભાઈ ઉપસ્થિત રહયા હતા.

૨૦ મી ફેબ્રુઆરી ના રોજ અમદાવાદ ખાતે રિસોર્સ એલાયન્સ–દિલ્હી તથા જી.વી.એચ.એ અમદાવાદ દ્વારા "ફન્ડ રેઈઝીંગ એન્ડ કોમ્યુનિકેશન'' પર વર્કશોપ યોજાયો હતો તેમાં સંસ્થાના કાર્યકર્તા સાજીત રાઠોડ ઉપસ્થિત રહયા હતા.

૨૦ થી ૨૩ ફેબ્રુઆરીએ સંસ્થા દ્વારા નાબાર્ડના સહયોગથી ખેડૂતો માટે નવસારી કૃષિ યુનિવર્સિટી અને જૈન ઈરીગેશન જલગાંવ ખાતે તાલીમ સહ પ્રેરણા પ્રવાસ યોજાયેલ જેમાં સંસ્થાના ડાયરેકટર, એગ્રીકલ્ચર ઓફીસર તથા કાર્યકરોએ ખેડૂતો સાથે રહીને નવી ટેકનોલોજી વિશે માહિતી મેળવી હતી.



૨૩ ફેબ્રુઆરીના રોજ સફર સંસ્થા દ્વારા ફોજદારી કાયદા વિશે યોજાયેલ સેમિનારમાં પારૂલ મહિડા એ તેમજ આજ દિવસે ચેતના સંસ્થા દ્વારા રાજય સ્તરની સ્વાસ્થ્ય પર યોજાયેલ બેઠકમાં વિજયાબેન કુકવાવે ભાગીદારી નોધાવી માહિતીનું આદાન પ્રદાન કર્યુ હતું.

**હિંમત એટલે શું? એનો અર્થ એ કે પરિણામની પરવા કર્યા વિના તમે કાર્યસિદ્ધિ માટે મથ્યા રહો.**

## અનન્ય સંપત્તિ

એક ધનિકના મહેલમાં એક વાર ભયંકર આગ લાગી, આગની ખબર પડતાની સાથે સૌ બહાર નીકળી ગયા. નોકર–ચાકરોએ ઘરેણા, કિંમતી કપડા વગેરે જીવને જોખમે બહાર ખેંચી લીધુ આગ વધતી જ જતી હતી. રહયુ–સહયું ફર્નિચર પણ એમણે હિંમત કરીને આગની જવાળાઓમાંથી બચાવી લીધું. દુર્ભાગ્યે જોકે મકાનને પાર વગરનું નુકશાન થયું પણ મોટાભાગની વસ્તુઓ જાનના જોખમે પણ બચાવી લેવામાં આવી હતી.

ધનિક શેઠે પૂછયુઃ "કંઈ રહી જતુ નથી ને ?"

"ના જી" નોકરોએ જવાબ આપ્યો.

"છતા તપાસ કરો" શેઠે હુકમ આપ્યો

ને તપાસ કરતા ખબર પડી કે રસોડાની પાસેના ઓરડામાં પહેલા ઘોડિયામાં સૂતેલો શેઠનો એકનો એક પૂત્ર તો આગમાં સળગીને ભડથુ થઈ ગયો હતો ! ભયંકર શોકની છાયા ફરી વળી સૌના મો ઉપર પસ્તાવો થયો કે અમે ચીજ વસ્તુઓ બચાવી લીધી ને ઘરના માલિકને જ બચાવી ના શકાયો.

આપણા બધાની પણ આજ હાલત છે ને! આપણે દુનિયાભરનો સામાન ભેગો કરીએ છીએ ને સહુના માલિકને સ્વયં જાતે જ ખોઈ નાખીએ છીએ! આપણી બાહય સંપત્તિના ઓછા નુકસાન પરત્વે પણ કેટલા ચિંતિત રહીએ છીએ ને અમુલ્ય આત્મ સમૃધ્ધિ કેટલી બેદકારીથી વેડફી નાખીએ છીએ. પોતાની જાતને ખોઈ નાખીને આખી દુનિયાભરની સંપત્તિ મેળવી તોય શું ? હીરો ખોઈ નાખીને કાચના કટકા ભેગા કરવા જેવી આ વાત છે. બધુ જવું હોય તો જાય જહન્નમમાં સળગવું હોય તો સળગી જાય. પોતાની મૂળભૂત આત્માનુભૂતિને જાળવી, બચાવી લેનારને જ ખરો સમજશીલ માણસ ગણવો જોઈએ.

ચૈતન્ય આત્મતત્વના કેન્દ્રની આસપાસ જગતના પરીઘની સૃષ્ટિ સર્જાયેલી છે. એ કેન્દ્રને જે પ્રાપ્ત કરે છે એને સહજ બધુ પ્રાપ્ત થઈ જાય છે. ને આ કેન્દ્રને ખોઈને દુનિયાભરની દોલત પ્રાપ્ત કરનારો તો ભિખારીનો પણ ભીખારી છે.

***(સંકલન : પ્રેરણાનો પ્રકાશ તથા પ્રેમલ વી.જોષી)***

## અમૃતબિંદુ

પગમાં દોરી ગુંચવાઈ હોય ત્યારે કુદાકુદ કરવાને બદલે શાંતિથી ઉભા રહેવુ જોઈએ. જીવનમાં પણ સમસ્યાઓ ઉભી થાય ત્યારે શાંતિ સમતા અને શ્રધ્ધાના આસન પર બેસતા આવડે તોજ ઉકેલ મળે.

જયારે પણ લોકો તમારી ટીકા કરે ત્યારે
નાસીપાસ ના થતા, બસ એક વાત યાદ રાખજો કે
દરેક રમતમાં હમેશા પ્રક્ષકો જ શોર મચાવતા હોય છે....!!!!

**બે ધર્મો વચ્ચે કદી પણ ઝઘડો થતો નથી, જે ઝઘડો થાય છે. તે બે અધર્મો વચ્ચે થાય છે.**

## વન બિલિયન રાઈઝિંગ : જાગી રહયા છે સો કરોડ

બસ હવે બહુ થયુ... મહિલાઓ અને છોકરીઓ વિરૂધ્ધ હિંસા હવે કયારેય નહી.....

વેલેન્ટાઈન ડે ના સ્થાપક ઈવ એન્સલરે ગયા વર્ષે સ્ત્રી હિંસા અટકાવવા દુનિયાના સો કરોડ લોકોને જોડાવાની અપીલ કરી એક ઝુંબેશની શરૂઆત કરેલ, જે ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૩ ના રોજ એક વર્ષ પુરૂ થાય છે ત્યારે દુનિયામાં લોકો આ ઝુંબેશમા જોડાઈ રહયા છે. સ્ત્રીઓ પરની હિંસાને નાબુદ કરવાના આ વૈશ્વીક સંઘર્ષનું નામ છે, વન બિલિયન રાઈઝીંગ, ગુજરાતીમાં આપણે તેને કહીએ છીએ જાગી રહયા છે સો કરોડ......

દરેક ૩ મહિલાઓમાંથી એક કરતા વધારે મહિલા પોતાના જીવનમાં એક અથવા બીજા પ્રકારની હિંસાનો સામનો કરે છે, તેનો મતલબ એ થાય કે કરોડો મહિલાઓ હિંસાનો સામનો કરે છે, આ હિંસાને રોકવી એટલી જ જરૂરી છે જેટલી કે, ભૂખ, બિમારી, મોંઘવારી અને પર્યાવરણના સવાલો પર કામ કરવાની જરૂર હોય છે.

આ દિવસે દુનિયાભરમાંથી લોકો પોતાના કામ, ઘર, શાળા, કોલેજ, ઓફીસોમાંથી બહાર નીકળી સ્ત્રીઓ પરની હિંસાનો વિરોધ કરવા જુદી–જુદી રીતે ગીતો, રોલપ્લે દ્વારા સ્ત્રીશકિતની અભિવ્યકિત કરી હિંસા સામે પોતાનો વિરોધ વ્યકત કરવા જોડાય છે. આ ઝુંબેશમાં ભારત સિવાયના ૧૮૫ દેશો જોડાયેલ છે.

ઉત્થાન સહિત ગુજરાતની ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ આ ઝુંબેશમાં જોડાઈ હતી. અમરેલી ખાતે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ આ ઝુંબેશની કામગીરી હાથ ધરી હતી.

સમાજમાં મહિલાઓ પર હિંસાઓ ઓછી થાય તેવા પ્રયત્નો ગ્રામ્ય વિસ્તારમાં ગામલોકો સાથે મીટીંગો યોજી કરી રહયા છે.

૧૪ ફેબ્રુઆરીના રોજ પરસ્પર સ્નેહનો દિવસ હોવાથી સ્ત્રીઓ, છોકરીઓ, પુરુષો, વડીલો બહાર નીકળી પોતાના મનની વાત કરશે "અમને મહિલાઓ પરની હિંસા મંજુર નથી અમે હિંસાને જાકારો આપીએ છીએ."

આવો સૌ સાથે મળીને હિંસા હટકાવવા, સમાજમાં સમાનતા સ્થાપવા, એકબીજાને મદદ કરવા આપણા હાથ મજબુત કરીએ.

---

## સુવિચાર

ઝાડની ડાળી પર બેસનારૂ પંખી કયારેય પવનની હલતી ડાળીથી ડરતુ નથી
કેમ કે તેને પવનના ડર કરતાં તેની પાંખો પર વધુ વિશ્વાસ છે.

Engage on this month

- 1-2 Training & review of Mahila Nyay Samiti at Rajkot.
- 12-13 AGM & Workshop At PRAVAH-Ahd.
- 16 FPO Meeting-Sajjatasangh
- 18 NSS Camp at Mota Charodiya
- 20 Workshop on Fund Raising and Com munication -Ahmedabad
- 20-22 Exposure visit for Farmers- Navsari Jalguon
- 23 Seminar on Criminal Law At Ahmedabad
- 23 counsultation meeting on Health-chetna, Ahmedabad
- 15 Beauty parlor Trainnig (MEDP) at Khadadhar -Khambha
- 19 Handicraft Trainig (MEDP) at Amrutpur, Dhari

Skill development training start and running in this month: Kolki (Upleta) sewing, Nagarka (Gondal) handicraft, Chhatar (Tankara) handicraft, Supedi-Nanivavdi (Dhoraji) Aribharat, Virpur (Jetpur) handicraft, Chhatar (Tankara) Sewing, Metoda (Paddhari) sewing.

**Happy birthday**

| | | |
|---|---|---|
| 1. | Manishkumar P. Shukal | 01-03-1969 |
| 2. | Ajitshinh G. Gohil | 03-03-1979 |
| 3. | Kanji M. Solanki | 07-03-1989 |
| 4. | Purvi R. Trivedi | 08-03-1975 |
| 5. | Nidhi Chunilal Gohil | 13-03-1985 |
| 6. | Parbat L. Bhola | 21-03-1987 |
| 7. | Niharika B. Marvaniya | 26-03-1971 |
| 8. | Manisha Raddiya | 27-03-1984 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ધનસમૃધ્ધિ માણસને બદલી નથી નાખતી, પણ માણસનું અસલ સ્વરૂપ પ્રગટ કરી દે છે.**